કસીદે બુરદા

મુળ અરબી ઉપરથી ગુજરાતી ભાષાંતર.

કર્તા વિશે દોહરા.

મીસર દેશનો મહા કવિ, શહ બુસીરી નામ;
લકવાના આજારથી, મૃત્યુ તોલ તમામ,
વૈદ વેરી થઇ ગયા, ઔષધ કરે ન કામ;
બુરદાની સ્તુતી લખી, વિનતી કરી તે ઠામ,
સ્વપ્ને રસુલ પધાર્યા, ને ફેરવી દીધો હાથ;
એક ચાદર આપી ગયા, દીન દયાળુ નાથ,
જાગીને જુએ પગ, રોગ તણું નહીં નામ,
તે ઉપરાંત એક ચાદરો, આપી ગયા ઇનામ,
ચાદરો બખશીશ થકી, બુરદા તે કહેવાય;
જેને જે તેને રટે, આશા પુરી થાય.

ભાષાંતર કર્તા અને પ્રગટ કર્તા.

મુહમ્મદ નિઝામુદ્દીનુ ચિશ્તી ફારૂકી.

શાહપુર—અમદાવાદ.

સને ૧૯૧૪ હીજરી ૧૩૩૨.

આ પુસ્તક પાંચપટી અમદાવાદમા આવેલા શ્રી નિઝામીયા પ્રી. વ
મી. નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશીએ છાપ્યું.

પ્રસ્તાવના

બુરદા અરબીના ધોરણસર અભ્યાસની વાંચન માળામાં હોવાને લીધે અમારા વિદ્યાભ્યાસના સમ્ય શીખવવામાં આવેલું છે, તેના ગુણ વિ: ધ્યાન રાખી મારૂં મન ગુર્જર ભાષાંતરે લાવવાનું ઘણા કાળથી હતું.

૯૮માં બીજાના માસમાં મારી ભેટ સૈયદ અબદુલ કાદર સાહેબ કાદરીની સાથે થઇ તેમણે આગ્રહ કરીને ફરમાશ કરી તે ઉપરથી પ્રારંભ કરી રમઝાન માસમાં મેસાણા મુકામે સમાપ્તી થઇ.

જે રાતે લખાઇ તૈયાર થયું તેજ રાતે સ્વપ્નામાં ખ્વાજા ગરીબ નવાઝની ઝયારત થઇ ને કવાલોની મજલસની દાખલા મળી. કવાલો જે ગાતા હતા તે જાગૃતીમાં યાદ રહયું તે હેઠળ પ્રમાણે હતું.

ગરબુલાએ મુઝે દિલબર તો ખુશ હો કર પોહોંચું
શોકમેં સરકો પટકતા હુવા રોકર પોહોંચું.

એક સૈયદ અરબ ગરીબ બાબા ઇબાદત ગુજારને ગુરદાનું દરદ છે તેમને મેં તેનું ઔષધ બતાવ્યુ તે તેમણે કરવાની ના પાડીને કહ્યું કે દરદના જોર થએ હું 'ગુરદા ઉચ્ચારૂં' છું. એટલે બેભાન થઇ જાઉ તે વખતે કોઇ આવીને હાથ ફેરવે છે એટલે દરદ મટી જાય છે.

લાખો માણસોએ ગુર્દાથી લાભ મેળવ્યો છે. ખુદાતઆલાથી ઉમ્મેદ છે કે મુજ ગરીબનું આ ભાષાંતર કબુલ થાયને વાંચનાર યાદ કરનાર તથા સાંભળનાર સઘળાને નજાતનો આરો અને મોક્ષ મઢીમા પ્રાપ્ત થાય આમીન.

શાહપુર અમદાવાદ-૨૮ શવ્વાલ ૧૩૩૨ હીજરી



બુરદાના કવિનું વૃત્તાંત



એમનું નામ મુહમ્મદ બિન સઈદ દલાસી બુસીરી—ઉપનામ અબુ અબદુલ્લા, તે મિસર દેશના રહેવાસી હતા, બુસીર મિસર તાબાના એક ગામના નામ ઉપરથી એ બુસીરી કહેવાયા, તેમને અરબી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન હતું, અને છટા સાહિત્યમાં મહા પંડીત હતા, ને વખતના સઘળા વિદ્વાનો તેમને પ્રમુખ પદ આપતા હતા,

યુવાવસ્થાના સમયમા રાજવંશીઓ અને સરદારોની સોબતમાં રહેતા, તે લોકોના એમની ઉપર ચારે હાથ હતા અને ઘણો પ્રેમ દર્શાવતા, આ કવેશ્વર કવિતમાં તેમને વખાણી તેમના શતરૂઓને વખોડતા હતા.

તે એક દિવસે એક સરદારના દરબારમાંથી ઘેર જતા હતા ને રસ્તામાં એક શેરીમાં થઈને નીકળ્યા, એટલામાં એક ડોસા બાહત તેમને મળ્યા ને મીઠા સ્વરે કહેવા લાગ્યા કે "તમે ગઈ

રાતે રસુલે ખુદાને સ્વપ્નામાં જોયા છે? ખુસરીએ ઉત્તર દીધો કે ગઇ કાલની રાત સુધી કદી પણ સ્વપ્નામાં જોયા નથી. પરંતુ આ વચનોથી મારૂં મન ઓગળી ગયું, ને મારો પ્રેમને મારો વહાલ નબી સાહેબ ઉપર જોરથી આવી ગયા તે પછી હું ઘેર આવ્યો ને ગતરે સોઇ ગયો, ને મેં સ્વપ્નામાં પેગંબર સાહેબને સહાબોની સાથે જોયા તે જાણે તારાઓમાં સુર્ય પ્રકાશી રહયો હોય એવું જણાયું, ત્યાર પછી હું જાગ્યો, ને નબી પ્રેમ મારો હતો તેથી ઘણો વધી ગયો મનને આનંદ વર્તાયો, અને તે પ્રકાશ ઉપરનો મારો વહાલ અને આનંદ મારા મનથી કદી જુદા પડયા નહીં, અને સુંદરીઆને હનજીઆ જેવા ઘણા કવિત મેં નબીના નેહમાં લખ્યા,

ત્યાર પછી મને લકવાના મંદવાડનો ઝાટકો વાગ્યો, મારૂં અડધું શરીર અચકી ગયું, ને હાલવા ચાલવાથી પણ રહી ગયો, તે પછી મને એવો વિચાર આવ્યો કે મારે એક વખાણુ કવિતા લખવી ને તંદુરસ્ત થવાને જગ્ત કર્તાની મદદ માગવી, તે પછી હું તેને પુરી કરીને નિદ્રાવશ થયો, ને સ્વપ્નામાં મે નબીએ કરીમને જોયા ને આ કવિતાને સંપુર્ણ રીતે મેં તેમના શ્રવણમાં આણી તે પછી તેમણે પોતાના પવિત્ર હાથ મારા નિરઆસ શરીર ઉપર ફેરવ્યા, હું જાગૃત થયો એટલે મંદવાડનું નામ રહયું નહી, તે ઉપરાંત આદરનું ઇનામ થયું.

વહાણું વાયે હું ઘેરથી બહાર જવા નિકળ્યો ને રસ્તામાં મારા મિત્ર શેખ અબુગિજા મળ્યા ને તેમણે કહયું કે જે કવિતામાં તમે નબી સાહેબના વખાણ લખ્યા છે તે મને આપો ને આ ખુરદા વિષે કોઇને ખબર પણ નોહતી, મે કહયું કઇ કવિતા વિષે આપ પુછો છો મેં તો સ્તુતીના ઘણા કાવ્ય કર્યા છે તેમણે કહયુ કે તે કવિતા વિષે હું કહુ છુ કે જેની શરૂઆત આ પ્રમાણે છે.

અમિન તઝઝકરાજીરાનિન

મે પુછ્યુ ઓ કહો અબારિજા તમે ક્યાંથી સાંભળ્યુ કેમકે મે કોઇને ને સંભળાવેલી નહોતી, તેમણે કહયું કે ગઇ રાતે તમને નબી સાહેબની રૂબરૂ કહેતાં સાંભળ્યા છે, અને તેમણે તમારી તરફ લક્ષ આપ્યોને સાંભળતાં જોશમાં આવી ગયા ફળ વાળી ડાળ જેમ હાલે તેવી રીતે હાલતા હતા. મેં તેમને આ કવિતા લખી આપી ને સઘળે ચરચાઇ ગઇ



પ્રેમ

દોહરો.

આજ મજાને માલવુ, મન્ન થયું ઉદાસ,
મુદ્દા મજા ખોળે ગયું, મળ્યા ધરતી આકાશ.

ગરબી (ઓધવજીના સંદેસાનો રાગ)

ઝિ ઝમઝમના પાડોશી શું સાંભર્યા,
આંસુ સાથે લોહી મુસલધારજો, ૧

કાઝીમાથી આંધીઓ ઉઠી પ્રેમની,
હરમ શિખરથી વિજળી ધમધોકારજો; ૨

અંધારી રજનીને વિજળી ઝબુકતી,
સુનામાં સંસાર દિસે અંધકારજો; ૩

ઘેલા બાવરીઆં નેણાં તમને શું થયું,
શોકથી વર્ષે આંસુડાની ધારજો; ૪

દિલ દિવાના એ બાની તને ક્યાં સુધી,
ચેતાવે વર્ષે બેબાની અપાર જો; ૫

પ્રિતના ઉભરાને દિલની દાઝથી,
પ્રેમ શું તેમાં સતાવા તૈયાર જો; ૬

---

૧ કાઝીમા-મદીનાનું નામ છે.

તે આશાઓ પ્રેમી તારી વ્યર્થ છે,
લાખો પડદે પ્રેમ નિકળે બહારજો. ૭

દોહરા.

બાન અલમના નામથી દિલમાં લાગે તીર,
પ્રેમ નગર સંભારતાં, બળે હૈવાનું હીર,
પ્રેમને ફંદે નહીં હું હોત ફસેલો યાર,
આંસુ વૃષ્ટિ ક્યાં થકી, ને નિદ્રા પેલે પાર,

બે ગવાહે ચુકાદો તારો થયો,
તે આંસુ અને ફીકનુ છે આજારજો, ૮

મનકુરે મેં તારો આપ્યો ફેસલો,
પ્રેમે ક્યોં તુજ ભીતરમાં ઘર બારજો, ૯

મશ્કે આવી બે બોલ કપાળે કોતર્યા,
દુબળાપો ને આંસુડાની ધારજો, ૧૦

પીંડ પીળું બાબુના સરખુ થયુ,
રાતા ચોળ આંસુડા છે ગુલનારજો, ૧૧

હઠીલો હઠ મેલીને સાચુ કહો,
પ્રેમ થકી હવે થાય નહીં ઇનકાર જો, ૧૨

ખરેખરૂં મન મોહને મારા અંતરે,
રોમે રોમે ક્યોં છે પ્રસાર જો. ૧૩

ગવાહ—સાક્ષી. આજાર—મંદવાડ, રોગ.

પ્રેમે સાચા સ્વાદોમાં કરી મેળવણી
દુઃખ સંકટનો કર્યો છે વેહેવાર જો; ૧૪

(મિત્ર શિખામણનું રહીઉં)

ન્યાયી જો હોત તું મારા વીરલા,
શીખામણુને કરત નહીં ઉચ્ચાર જો, ૧૫
શિક્ષા પાત્ર નહનો હું હોત બાગીઓ,
માન્ય કરત તે હું તારો ઉપકાર જો, ૧૬
સંતાયો નહીં મારા મનનો મામલો,
જાણી લીધા તેં મારા વિચાર જો, ૧૭
રાહતમાંથી રોગે હું આવી પડયો.
રોગ પણ એક કદી નહીં મટનારજી, ૧૮
મુજને જે જે તેં શિખામણ કહી,
તે એક નહીં હું તો સાંભળનારજી, ૧૯
ઇશકી કાનો શીખામણે બેહરાં,
આ શબ્દો તો કાને પડે ન લગારજો. ૨૦
ખુષતાની શિખોએ વેડુમાઇ ગયા,
કુટેવે વખોડયા શિખ દેનાર જો ૨૧

ગુલનાર—દાડમનું ફુલ

રાહત—સુખ

મેં અબુધ્ધે શિખ કાને ધરી નહીં,
ઘરડાપે ખીવરાવ્યો વારંવાર જો; ૨૨

તે પરોણાની મહમાની મેં કરી નહીં,
માથે આવી ઉભો રહ્યો જે વાર જો; ૨૩

પ્રાણાગત નહીં થાય એવું જો જાણતો,
અંદ છુપાવા કરત નહી કંઇ વારજો; ૨૪

કુપદોને અભિમાનોના કારણે,
આ પ્રસંગે કોણ છે સાંભળનારજો, ૨૫

અશ્વબળ ને રીશ લગામે વીસમે,
કી લગામો સુજને વશ કરનાર જો; ૨૬

ઇચ્છાઓ વીષે.

ઇચ્છાવશ બનવાનું જો મન હોયતો,
હરી ઇચ્છાને તોડીશમાં લગારજો, ૨૭

ઇચ્છાઓ તો લોભ સમુદ્રે ડુબતી,
પુષ્ટ બને વધુ ખાધે જેમ ખાનારજો; ૨૮

ઇચ્છાઓ તો ખાળ સમાન ગણાય છે,
ખુટા રહે માવણ ગમ છે જાનારજો; ૨૯

ગળી દાતો ખાણુ બસે બીકથી,
ઇચ્છાઓનો આવો છે વેહેવાર જો; ૩૦

૫૨૮૨

સુધ બુદ્ધી ચારો તો તેમને ફેરવો,
ફરી ન [illegible] તેની ઉપર પ્યાર જો, ૩૧

કાં જે [illegible] આવીને કોટે પડી,
કરે ખોટીવો [illegible] પૂરો કરે સહારજો, ૩૨

સુફલના [illegible] [illegible] તે ચરે,
ત્યારે તેના વચનો અંગીકાર જો; ૩૩

નીજ સ્વાદે ચ[illegible] [illegible] સાંચરે,
તેની ઢીલી [illegible] ન કરજે યાર જો, ૩૪

[illegible] જે [illegible] કરી દેખાડયા,
અહારો [illegible] કારને લેજતદાર જો ૩૫

વખ [illegible] [illegible] તે ઘાતકી,
લઇ લઇને પ[illegible] ખાનાર જો, ૩૬

ભુખને તૃપત [illegible] રેહ ચેતતો,
[illegible] ભૂખના બીક અપાર જો, ૩૭

હરામ અહારે આંખે આંસુ ઢાળજે
લજ્જા પર નિત રાખ ખરેખરો પ્યારજો. ૩૮

બીતો રેહને ફિલકું કરજે કારગા,
દુર મતિ શેતાનથી રેહ હુશીઆરજો, ૩૯

એમ કરી સુમાર્ગે તો દોરેખરા.
તો તેમાં પણ વિઘન હશે હજાર જો; ૪૦

મિત્ર ભાવે કે શતરૂ ભાવે નહીં માનતો,
જગી મેદે તું પુરો વાકેફ ગારજો: ૪૧

(પોતાના વિષે કવિ કથન)

અરે અરે, ક્યાં કથનોને ક્યાં ક્યાં,
હું ક્યાંને મારો ક્યાં છે કારોબારજો. ૪૨
આ શબ્દો મારા તો એમ ગણાય છે,
શિષ્ય દર્ષ્ટિ તેને જો વાંચણુ પરીવારજો, ૪૩
ઈશારે જો તુજને વિનવી મન ગતિ,
નાનું મુજથી થાય નહીં લગારજો, ૪૪
ચડી ન શક્યો હું પોતે મુજ વેણુ પર,
તુજને કહું કે કરજો આ હુશીઆરજો, ૪૫
પણ પેહેલાં ભક્તિ મારી વધી નહી,
નિમાઝ રોઝો પણ સઘળા નિરધારજો, ૪૬

દોહરા (નબી ભક્તિ)

સોજા પગ ઉપર ચઢે, ને ઉભાં વિતે રાત,
તેની 'મુજ કરી નહીં', સુણી ન પુરી વાત,
પેટે પથર બાંધીને, ભુખે કસ્યું તન,
અરે ને કોમળ કાળજે, કેવું કર્યું સહન:

(ચમત્કાર)

પગ પડી સોનાના ડુંગરજી વિનવે,
અવિનાશી કૃપા કરીને અંગીકારજો; ૪૭

ધર્મ પવિત્ર પ્રાણે પુર હિમ્મત ધરી,
પાક પાને કર્યો તિરસકાર જો; ૪૮

સંસારી મકરો આવીને નડે,
તા પણ તેની કરે નહીં દરકારજો; ૪૯

ખુદાઈ ખજાને હાથ ન ઘાલતો,
એવાને ધરણી ધરને દાતાર જો; ૫૦

કેમ કરી દુન્યાના દુઃખે ડગમગે,
જેને કાજે હોય રચ્યું સંસાર જો; ૫૧

જગ વખણાયો બેઉ ભવનો ભુપતિ,
અરબ અજમનો સતવંતો સરદારજો: ૫૨

નામ મુહમ્મદ સાકરથી મીઠું ઘણું,
માનવ જિન્નનો તે સાચો સરદારજો; ૫૩

નામ મહામત પવેદે વખાણ્યું,
શોભીતો સતવંતો તે સરકાર જો, ૫૪

અરબ—અજમ—આર્ય અનાર્યને ઠેકાણે મુસલમાનોમાં ગણાતો મતભેદ.

પાપ નિવારણ જગતારણ નબી અમતણો,
કથન કાર્યમાં સૌ આગળ વધનાર જો, ૫૫
મોક્ષ તણી વેળાએ વહાલા વીરલો,
સંકટ કાળે તરત ચઢી આવનાર જો, ૫૬
જગદાધાર બણી લોકોને દોર્યા,
તારવી દીધા પાપી અપરંપાર જો; ૫૭
મારગ તેનો કઠણુને જબરી રાસડી
કો કાળે નહીં તે તો ભગ થનાર જો ૫૮
રિતીને નિતીમાં નબીઓથી વધે,
વળી વધારે સૈની દયા દયા દાતાર જો ૬૦
સેવામા નબીઓ અદબે ઉભા ,
ઉપદેશ અર્થે આવી ઉમ્મેદ વાર જો, ૬૧
મેઘ દીપું કે દરીઆમાંથી મોખલા,
રસુલ ફલકથી વિનવીને લેનાર જો, ૬૨
પોત પોતાની હદે ઉભા અદબ થકી,
વિનવી કાંઇક માંગે વારંવાર જો, ૬૩
કલમ અલ્લાહનું કંઇ તો વર્ણન કરો,
કે સુણીએ કુરાની ટીકા સાર જો, ૬૪
ભિતર બાહેર સુશોભીતી મુર્તિ,
સપુરણ પ્રભુના સઘળા પ્યારજો ૬૫

સ્વરૂપ સદગુણે તે તો એકલા,
આ બેમાં નહીં તેનો ભાગી દાર જો; ૬૬
ખ્રિસ્થીઓએ ઇસુને જેમ ચિતર્યો,
તે પ્રમાણે કરશોમાં કાંઇ વિચાર જો; ૬૭
તે વિના ચાહો તે ઉપમા આપજો,
સુંદર શબ્દે વખાણુ અલંકાર જો; ૬૮

દોહરા.

જે જે ઉપમા ધારીએ તે તેને ન અપાય,
યોગ્ય અલંકારો થકી તેનું ગાયન થાય;
તેના મહતમ્ય તણી—હદ સિમા ન જણાય,
રસુલે ઇલિહના કાર્ય તો કળી કળી ન શકાય;
લતમાં નામો ચમત્કારોથી વધે,
સમતુલ્યનો જો કરીએ વિચારજો; ૬૯
જુના ચુરેચુર થએલા હાડકા,
થાય સજીવન નામ લેતાંને વાર જો; ૭૦
વિચાર શક્તિ જે વિષે થાકી પડે,
તે લેતા અમને ન કરે લાચાર જો; ૭૧
સંદેહે સપડાયા કે થાક્યા નહીં,
એમ સ્વભાવે પુરો વાકેફ ગારજો; ૭૨

કળવાને સુક્ષ્મ બુધ્ધી સૌ થાકી ગઇ,
પાસ કે પંથે જોનારા લાચાર જો; ૭૩

દિન કર સૌને દુર થકી દેખાય છે,
નાનકડો પણ આંખો અંજવનાર જો, ૭૪

નબીને કળવા આ જગમાં તો બને નહીં,
નિદ્રા વશ સંસારી નરને નાર જો, ૭૫

સપનંતર જે કંઇ તેમને દેખાય છે,
સંતોષી અને તેજ ખરી દરકાર જો, ૭૬

વિચાર વિધા જે સિમાએ જઇ શકે,
લઇ ને આવે ત્યાં થકી એવો સાર જો; ૭૭

નબી મનુષ્યને ઉત્તમ પુરૂષ સર્વોપરી,
આગળ બસ બુદ્દીનું બળ લાચારજો, ૭૮

ચમત્કારો સૌ નબીઓ જે લાવ્યા,
નુરે નબી તે સઉને ઉજવનાર જો, ૭૯

જ્યારે તે પ્રકાશ જગતમાં પ્રગટયુ,
સુમાર્ગે સૌ દોરાયા તે વાર જો, ૮૦

મરી ગએલી પ્રજાઓ જીવી ઉઠી,
કદી ન ભુલો આ ઉત્તમ ઉપકાર જો, ૮૧

માનવ રૂપે તેની સુંદર બાંધણી,
હસમુખો વળી દિલદરીઆ દાતાર જો; ૮૨

પ્રેમનચંદ્ર ચેહરોને મુખડું ગુલ બહાર,
સખાવતે સાગર ને બળે સંસાર જો, ૮૩

એકલો હોય પણ પુરેપુરી ધાકથી,
સૈન્યા સંગ જેમ ઉભો હોય સરદાર જો; ૮૪

છીપે છુપેલા મોતી સમ તે છાજતો,
વાચા છીપે પ્રેણુા મોતીસાર જો; ૮૫

કાઇ સુગંધ તે માટી ને પોહોંચે નહિં,
નબી શરીરને જે લાગીછે બહાર જો; ૮૬

ધન ધન ધન કર્મો તે કામના કારમી,
નેહ સુગંધની જે વાસો લેનાર જો, ૮૭

નબી જન્મ વિષે.

જન્મ ઘડી અચિંબિત ચમતકારો થયા,
ધન ધન આદી કાળ અને અંતકાર જો, ૮૮

ઇરાની શાગ્રાએ ખરૂ પ્રમાણ્યુ,
બીટને બરબાદી માથે અમ્બાર જો, ૮૯

કિસરા રાજ મેહેલ કાંપી ગયાં,
પડી ગયા સૌ ભોંએ હારોદાર જો; ૯૦

*અઝદજર્દ શાહની સેન્યા સમ તેખુટીઆ;
હવે કદી નહીં બેગા આ[illegible] જો, ૯૧

આતશ દુખમા ઘણા ઘણેરા કાળથી,
લાગ મળે જઇ બેટયો થઈ તૈયાર જો; ૯૨

ચાકી કરવા કાજે તો કિસરા નદી,
ઘેરી બેઠી બાથ ભરી વિસ્તાર જો, ૯૩

સાવી નદીના નીર તો સુકાઇ ગયાં,
અચંબે પડયા ત્યાંના જળ પીનાર જો, ૯૪

કાંઠે જઇને રીશે તો પાછા ફર્યાં,
તરશે મરવા લાગ્યા નરને નાર જો, ૯૫

અગની ગુણ પાણીને જળને આગના,
ચમકી ઉઠયા આવા ચમતકાર જો; ૯૬

બ્રાહ્મણો જિનોના ને સુરો પ્રગટયા,
શબ્દે અર્થે સત્ય તણા અણકાર જો; ૯૭

ફરે બેહરા ને આંખે આંધળા,
સુણે નહી, ને બીકે અંધા ધારજો; ૯૮

ધર્મ ગુરૂએ આડે રસ્તે દોર્યા,
પ્રમોદયા કે દીન નહીં ટકનાર જો; ૯૯

વાંકો ચુકો મારગ છે ઇસલામનો,
તેને નહી સંભાળી લે સંસાર જો, ૧૦૦

અંગાર આકાશથી પડતા પારખી,
જનના નાસી ફરી કરી પોકાર જો, ૧૦૧

જુન્નતીઓ ધન્નતીએ સઘળી ઢળી ગયા,
દુન્યામાં વર્તાયા હા હા કારજો; ૧૦૨

જીન અને શેતાન સહુ હારી ગયા,
ત્યાંથી નાઠેલા હંકાયા સૌ બહાર જો, ૧૦૩

[illegible] ભાગમાં એક પર એક આવી પડે,
રસ્તા રોક્યાને તે પર પડતો માર જો, ૧૦૪

કાંકરીએ અબરાહાને કાયર કર્યો,
શેતાનો પામ્યા તેમજ સંહાર જો; ૧૦૫

કાંકરીઓ સમ કુરૈશનું સૈન્યા ખરૂ,
નબીના હાથે મુકાઇ ગયું સાર જો, ૧૦૬

જુનસ પેગંમ્બર માછલડી ઉદરે,
ભક્તિકાજે તતપર ને તૈયાર જો, ૧૦૭

કાંકરીઓ પણ તેમ નબીના હાથમાં,
કલમો પઢી સંભારે સરજન હાર જો. ૧૦૮

ઝાડોને બોલાવે આવે દોડતા,
પ્રણામો કરતા ને પગ પડનાર જો. ૧૦૯

પગ નહીં પણ સાંથળે સઘળા સાંચરે,
પ્રણામે સૌ આવે હારો હારજો. ૧૧૦

નસોની લીટી પાનામાંહે ચીતરી,
રસ્તે પડે જેમ નવલ લેખ લખનાર જો; ૧૧૧

લુ વેળાએ વાદળ છાયા છત્રીઓ,
છત્ર ફરે માથા પર વારંવાર જો; ૧૧૨

ફટેલ ચંદ્રના સોગન લઇને ઉચરૂં,
નબીરૂદેથી તેને છે પહેવાર જો, ૧૧૩

તેના સમ પણ લઉં છું હેત હૈયે ધરી,
ખોમાંથી ખરા સલામતે લાવનાર જો; ૧૧૪

કાફર નેણે દેખીતા પણ આંધળા,
જુએ ખરા પણ સુઝે નહીં લગાર જો; ૧૧૫

ચંદ્ર બે ભાગ કર્યાનું ચમત્કાર

સત્ય અને સતવાદી ખોએ બિરાજતા,
કહે કાફર નહીં કોઇ મનુષ્ય અવતાર જો; ૧૧૬

કબુતરો કે કરોળીઆનો વાસ છે,
દાણાનું આ પડેલ છે હગાર જો; ૧૧૭

પુણ્યપતિ તેની અંદર બિરાજતો,
કાફરોની આંખને અંધકાર જો; ૧૧૮

બકતરની કડીઓને શીળા અંહ થકી,
રણના રક્ષણે નબી અહમદ મુખતાર જો; ૧૧૯

સંસારી સંકટ મુજને મુઝવે નહીં,
શીર ઉપર સરદારોનો સરદાર જો; ૧૨૦

કલ્યાણીને કારમી કોટમાં વાસ છે,
મુજ પર કોપ કરી નહીં થાવ લગાર જો, ૧૨૧

એ ભવની મુક્તિ ન માગું હું નબી,
મુજ પર કરો ખરેખરો ઉપકાર જો: ૧૨૨

હસ્ત સ્પર્શને વિનતી તો કાને ધરો,
એ ચાહું નહીં માગું તેથી વધાર જો. ૧૨૩

સપનામાં જોઓસ નબીનું છે પાક,
આંખો બંધ પણ દિલ છું હુશીઆર જો. ૧૨૪

પેગમબરી પ્રારંભે સ્વપ્ને પ્રેષુતા,
ખરાં પડે તો તેમાં શી તકરાર જો; ૧૨૫

પ્રભુ સ્વપ્નેથી તો ખરી જુદી કરી,
ગેબ વિશે તો નબીઓ નહીં તોહમતદાર જો. ૧૨

હાથ ફેરવી દુખીઆનુ દુઃખ ટાળ્યુ,
દુઃખ્યારાને દુઃખથી લાવ્યા બહાર જો; ૧૨૭

દુકાળે દુખાતી ધર્તી માત જે,
આશિષ દઈને સજીવન કરનાર જો, ૧૨૮

મેઘા વૃષ્ટી કોઇ ઠામે બહુ જોરથી,
સુકી નદી ને રેતોથી ભરનાર જો, ૧૨૯

અરમન વનમાં નાળા ચાલે જોર થી,
નબી વચનથી પુર પાટે વેહેનાર જો, ૧૩૦

ચમત્કારો નબીએ જે પ્રગટ કર્યા,
તે વિશે જરા કરવા દો વિચાર જો; ૧૩૧

પર્વતે પ્રોણા ભોજનને વાસ્તે,
અગની સળગાવી હોય એવા ચમત્કાર જો; ૧૩૨

શેરોમાં ગુથેલા મોતી શોભતા,
પગર પરોએ કિમત શુ ઘટનાર જો; ૧૩૩

સુકૃત્યો વિવેક અને વળી સભ્યતા,
વર્ણન વેગા હોંશ વધે અપાર જો; ૧૩૪

કુરાન શબ્દના રૂપે આદ ગણાય છે,
ખુદા અનાદે ગુણ અનાદ થનાર જો; ૧૩૫

ત્રીકાળ એનેતો જીતી ના શકે,
આદમ આદને ધરમ કથનથી વાર જો; ૧૩૬

કુરાન નિત્યે અભ્યાસે રહી ગયું.
સૌ નબીઓથી વધેલ આ ચમત્કાર જો, ૧૩૭

કુરાન વાણી સદા સલામત રહી ગઈ,
જુના નવા નબીઓના ફુટ્યા કરાર જો; ૧૩૮

પાકે પાયે એની રચના થઇ ખરી,
ટકે નહીં એમાં શતરૂ તકરાર જો, ૧૩૯

કદી કંઇ ઝઘડો તેમાં તો ન આવ્યો,
કટો વેરી પણ લઇ ન શકે તકરાર જો; ૧૪૦

મધુર વાણી, રચના, છટાને સૈલ તે,
હરાવી દીધા સઘળા દાવે દારજો; ૧૪૧

ઉદમાતીની જીભથી કોઇ સજ્જને,
બચાવ્યા હોય સગા ને સંબંધ દાર જો; ૧૪૧

એથી રક્ષા કિરતારે કરી કુરાનની,
એ પુસ્તક પર ફાવે નહીં નાદાર જો; ૧૪૨

ઉપરા ઉપરી મોજાના લેરા ઉપર,
રૂપાળું મોતી જેમ હોય તરનાર જો; ૧૪૩

કુરાનના અર્થાંતનું એવું રૂપ છે,
કરૂણુ સાગરના મોતીથી વધનાર જો; ૧૪૪

આશ્ચર્ય નાની છે તેની તો સીમા નથી,
નુકસાને ટાળે નહીં લેનાર જો; ૧૪૫

વાંચનથી આંખોને તો ટાઢક મળે,
હું કહું છું કે સુણુ વાંચન કરનાર જો; ૧૪૬

તુ જીત્યોને કહણુ મળી છે ચસકી,
જોરથી ઝાલો નથી તે ભંગ થનાર જો, ૧૪૭

ગોખેથી દોજખની અગની ઓળવે,
ફૂંક મારેથી ઝટપટ છે મટનાર જો; ૧૪૮

જે મુખમાંથી કુરઆન વાણી નિકળે,
તે મુખ છે અગનીનું ઓલવનાર જો, ૧૪૯

સાગર સમ કુરઆનની છે આયતો,
કાળા મોંઢાં ઝટ ધોળા કરનાર જો, ૧૫૦

સિરાત અને મીઝાન તણી સમ તુલ્ય છે,
ન્યાય ને સત્ય તે વિન નહી ટકનાર જો; ૧૫૧

વિચારે કોઇ તેને જો માને નહીં,
તે વિશે કંઇ નવાઇના વિચાર જો; ૧૫૨

ખરા પણાનું તેને પુરૂ ધ્યાન છે,
સમજી ગએલા જાણી કરે તકરાર જો; ૧૫૩

આંખ દુખેથી તાપની પીડા થાય છે,
જળ સ્વાદને રોગી છે તજનાર જો; ૧૫૪

પ્રાણ પતિ જે પોતા આવે તુજકને,
જલદ ઓળખીએ ફરે થઇ અસ્વાર જો, ૧૫૫

આશાનું સુખ ધામને પાપ નિવારણા.
સહીસલામત તારો છે દરબાર જો; ૧૫૬

એંધાણીઓ મોટી ને પુરી માતબર.
મહાન અને વળી પુર્ણું ભરમા દાર જો; ૧૫૭

તેની ખુજ કરીને જે કાંઇ ઝાલશે,
તેના ભાગના ભરા રહે ભંડારજો, ૧૫૮

હરીગીત છંદ (મેરાજ વિશે)

અલ્લાને મળવા હરમ થકી રસુલે ઇસ્રદ હરમે ગયા,
રજબની શામે ચંદ્ર પુનમ મુખના અજવાળા થયા,
જતાં આવતાં તે રાતમાં કાંઇ ન લાગી વારરે,
કોસેન અર્શના ધામમાં પગલાં કર્યાં સરદારરે:
ખારેસા માગેના ની જાણેચે કોઇના ધામ તે,
આશુગીનો મળે કમાનની પાસેનો એવો ઠામ તે,
સૌ અંબીઆ એક મત થઇ તુજને પ્રમુખે સ્થાપ્યો,
તુજને ગણ્યા સરદાર મુજને ચાકરી પદ આપ્યો;
સાતો પળત આકાશના ફાડીને પોહોંચ્યો બહારરે;
નહીં વાર લાગી ઝાઝને ધન ધન છે એ અસવારરે,
નબીઓનું સૈન્યા મુકીને આગળ વધ્યો ઝડો લઇ,
થાકી ફિરશતા રહી ગયા, પળમાતું ત્યાં પોહોંચ્યોજઇ;
હિમ્મત ઉમંગ થાકી પડે, કોઇ કળે ના કો સમે,
ત્યાં તું ગયો રહુલ અમીં, ગભરાટ આણી કમકમે:
માનો અને વળી મરતબો, તેં જે જે કંઇ મેળવ્યો,
વાહ એકલા અલબેલડા, કેવો તેં તુજને કેળવ્યો,

સઉ ધામને મુકામને ધરી હામ જોયા સેહેલથી,
પ્યારો પરોણો પ્રેમથી ફર્યો મેહલમાં મેહેલથી;
આંખે કોઇ દીઠું નહીં એવો રચેલો ઠામ છે,
ત્યાં પણ પોહોંચ્યો મહામતિ શાબાશ હિમ્મત હામ છે;
જે ભેદ ગુપ્તા ગુપ્ત છે, તે ભેદ તુજ આગળ થયો,
કિરતારને કૃત્ય તણી ઇચ્છાનો જાણીતો બન્યો;
માન અને વળી મરતબો તુજને મળયો પ્યારા નબી,
તેમાં કોઇનો ભાગ કે લાગો જરા સરખો નથી;
સેહેજે સ્વારી શાહની સઘળેથી પાર પડી ગઇ,
અડચણ ન આવી એક જરી, પળવારમાં પાછી ફરી,
જે મરતબાનું માન મળયું તે ગુરૂ અનુમાન છે,
જે જે ઇનામો મેળવ્યા, ગંભીર તેનું જ્ઞાન છે,

દોહરો

ધન ધન ભાગ ઓ હિમ્મતી, સદાએ જય જયકાર,
કરૂણા સ્થંભ અમને મળ્યો, જે નહીં ડગમગનાર;

નબીઓના સરદારની સેવા સારવા,
સૌને બોલાવે સતીઓ સરજનહાર જો; ૧૫૯

રસુલ ઇલાહ સૌ નબીઓના સરદાર છે,
ઉમ્મત સૌ ઉમ્મતની છે સરદાર જો; ૧૬૦

પેગમબરી પ્રગટતાં શત્રુ કાંપ્યા,
ભર નિંદ્રાએ નિરાંતે સોનાર જો, ૧૬૧

સુખ ચેને જેમ ધણો ચરે છે જંગલે,
ઓચિંતો એવો ઉઠે પોકાર જો; ૧૬૨

વાઘ આવ્યો રે વાઘ આવ્યો એ સાંભળી,
કેરી બીકે નાસે થઇ લાચાર જો, ૧૬૩

કાફરોથી નિત્યે જંગ જગાડતો,
મસ્તક તેમના શુળી ના અસ્વાર જો; ૧૬૪

જેમ કસાઇ માસને ટાંગે મોખરે,
તેમ ખુંદાઇ માથાનો વેહેવાર જો; ૧૬૫

જે કુધારો નાસમ નાસીગાં પડે,
તે સમડી શીકરાના બને શીકાર જો; ૧૬૬

શતો જાય પણ તેમને ભાન જરા નહી,
ગણતાં ગણતાં ભુલે વારંવાર જો; ૧૬૭

માસ પવિત્ર પણ જ્યારે આવી ચડે,
શાનને બા[illegible]નાં બનતા તે હુશીઆર જો, ૧૬૮

દીન ધર્મ [illegible] પરોણા સરખો પારખો,
પરોણો ચાલી આવે શતરૂ દ્વાર જો; ૧૬૯

સંધાતે ગાજી શુરાને લાવ્યો,
શતરૂ માસનો જેહ કરે અહાર જો, ૧૭૦

આ ભોજનના તે તો છે અભિલાખીઆ,
હાથ આપેથી ચાખીને કરે પાર જો, ૧૭૧

પંચ નવી મહાસાગર આજે ચડી ગયું,
મોજ ઉપર મોજ તે લેનાર જો, ૧૭૨

તે સૈન્ય ઇસલામી શુરા તણું,
જઇ પોહોંચતાં કંઇ ન લાગી વાર જો, ૧૭૩

શુરા પાળે હુકમ નબીના મન થકી,
શાકે પાયે મુકિત ના ઇચ્છનાર જો; ૧૭૪

હલ્લો કરી કુશારના ખોદે મુળીઆં,
મારી વિખેરી નાશ કરે વેડી ઠાર જો: ૧૭૫

અધર્મીઓ માથે ઇસલામ આવી ગયું,
ગરીબ જન્મે હવે સગાં અપાર જો, ૧૭૬

બળવંતા પિતાનો પુત્ર કહાવ્યો,
રૂપાળીને રૂપાળો ભરથાર જો, ૧૭૭

પિતા વિના હવે તો રેહશે ને કો નહીં,
વિધવા પણ કોઇ કાળે નહીં થનાર જો, ૧૭૮

સહાબીઓ શુરા ઉભા જેમ ડુંગરો,
મુક્કો કેથી કામે લીધા તલવાર જો, ૧૭૯

ઉહદ બદરને પુછો હુનેની જંગને,
કઠણ કોગળીઆ કરતાં મોત બજાર જો, ૧૮૦

ધોળા ખંજર રાતા રાતા રૂદરે,
કાળા કેશે કરતા કારો બાર જો; ૧૮૧

અંધકારે જેમ ઝપકારા વિજળી કરે,
કાફર માથે એમ પડે તલવાર જો, ૧૮૨

બાલાની અણીઓની કીધી લેખણો,
શરીર રાત્રના લખ્યા અપરંપાર જો; ૧૮૩

ક્રોધ જન્માને બિંદુ વિન મુકી નહીં,
અણીથી ભીડાં મુક્યાં હારો હાર જો; ૧૮૪

તીરોથી અસહાબ તો ઓળખાઇ ગયા,
બોરડીઓથી જેમ ગુલાબ બહાર જો, ૧૮૫

વધામણા વિજયનો વાયુ મોકલે,
કળીઓ જેમ સુગધની હાંકનાર જો, ૧૮૬

અગ્રે અગ્ર જેમ ઉગેલી લીલોતરી,
કઠણ કળીએ કામ તણા કરનાર જો; ૧૮૭

કંપારે શુદ્ધ બુદ્ધ ગુમાવે કાફરો,
બકરીને બળીઓ જાણીને નાસનાર જો; ૧૮૮

રસુલે ઇલાહનો જેને મળ્યો આસરો,
સિંહ તેના સનમુખ શીર નામનાર જો; ૧૮૯

આશાએ જે રસુલ ઇલાહને . વિનવે,
સિંહની સામા તે ટક્કર લેનાર જો: ૧૯૦

મદદ વિના તેને તો કદી દીધો નહીં,
શતરૂ સદાએ ખસ્તાને વળીખાર જો; ૧૫૧

તેનું રક્ષણ કોટ સરીખું થાય છે,
ઓ એવા ધણુ જેમ બચ્ચાં બાવનાર જો; ૧૫૨

ઘણાક નાસ્તિક ઐશ્વર્ય શબ્દને,
વિવાદે કરી બેસે છે તકરાર જો; ૧૫૩

અભણુને વિદ્યા અપાર ખરો એમોજેઝો,
એકજ દાખલે પેગમબરી પુરનાર ચાર જો; ૧૫૪

માત પિતા વિન બાળપણે અંધકાળમાં,
પુર્ણ અદબને વિવેકી આચાર જો; ૧૫૫

અનુનિની ભેટ બધને હે ધણી,
પાપ નિવારણ, આવ્યો છું દરબાર જો; ૧૫૬

કરણી માગી મારે કોટે હાર છે,
બંને હું કાપું છું વારંવાર જો; ૧૫૭

પાપીને અભાગણી આ ગતિઓ લઈ,
પશુ પ્રમાણે આવ્યો છું લાચાર જો; ૧૫૮

ફરખુંદીએ તુકમાની મુજને કરી,
જુવાનીમાં ફકજ એ દરકાર જો, ૧૯૯

મેં વસ્તુ લેવા આયુશ એળે ગયું,
પણ મેં લીધા ઇનામ બપકાદાર જો; ૨૦૦

પાપ નિવારણ એકને બીજી લાજ છે,
જેથી મનને ધીર ને દિલ આધાર જો; ૨૦૧

દુન્યા વેચી દીન ન લીધો કે ધણી,
ટોટા ખોટનો મેં કર્યો વેહેપાર જો; ૨૦૨

નહાને વાયદે હાથના માલને વેચ્યો,
ખોટ ખતાનો ખરેખરો વેહેવાર જો; ૨૦૩

પાપ લે આવે વાયદો જંગ થશે નહીં,
વચન આપેલું છો પુરું કરનાર જો. ૨૦૪

પ્રેમની દોરી જે કોટે બધાય છે,
તે કો કાળે કદી ન ત્રુટનહાર જો. ૨૦૫

મુહમ્મદ હું ને મુહમ્મદ મારો સાયબો,
એ માગે છે ખરેખંગ આધાર જો. ૨૦૬

તેહ સરીખું વચન ન પાળે કો કદી,
તે સરખો નહી કોમ જોખમદાર જો; ૨૦૭

મેહશર ના મેદાને નાખી રાંકડો,
કે જોઇ મારા પાપ તણા ભંડાર જો; ૨૦૮

હાથ ન આલો નો મારી કેવી વલે,
હાયરે મારી નીચ ગણું અવતાર જો, ૨૦૯

અકળીત અગણીત ઉપકારો તે નાથના,
દયા દરશાવતાં તેને શાની વાર જો, ૨૧૦

આશાવતો નિર આશીત બને નહી,
તેવા છે દરબાર તણા શુભ દ્વાર જો; ૨૧૧

પાડોશી પર પ્રેમ સદાએ દાખવે,
નિર-આશીતને છાયાનો કરનાર જો; ૨૧૨

જે દિવસથી તેના ગુણ ગાયન કર્યાં,
મોક્ષ પાત દીઠો મે તે સરદાર જો; ૨૧૩

તેની દ્રષ્ટી કોમળ કળીઓ પર પડે,
પુષ્પી દલને પ્રફુલીત કર નાર જો; ૨૧૪

સંસારી લાભો મારા થા કામના,
કદી ન થાઉં તેનો તો ઇચ્છનાર જો; ૨૧૫

મિત્ર ગુરૂરે કરમ કુથામ વખાણ્યા,
તે કવિતા હું કદી નહીં કરનાર જો, ૨૧૬

દુઃખ જંજાળની જાળે ફસી પડે,
તુજ વિના કોણ તાણી કાઢે બહાર જો; ૨૧૭

હે સંસારનો સાગરે મારો કોઇ નથી,
તુજ વિના મારાં દુઃખડાં સાંભળનાર જો; ૨૧૮

રસુલ ઇલાહી મુજપર મેહર કરે ખરૂં,
ખુટી જશે નહી કરૂણાનું ભંડાર જો; ૨૧૯

માનને કિમતવાન તમારૂં નામ છે,
નિત નિત તે તો દર્શાવે ઉપકાર જો; ૨૨૦

તુજ કાજે મંડાણ થયું એ ભવ તણું,
લોહ કલમ તુજ માટે વિગત વારજો; ૨૨૧

પાપી હૈયું–નિરાશી આફત માં,
બખ્શીશના હોય થોડું ઘણું જોનાર જો; ૨૨૨

કદાચ રેહમ રેહેમાન તણું એમજ ધરે,
બંદેઆએ એમ વેહેંચણી વારજો ૨૨૩

ભાગ પડેલી પાપોના પ્રમાણમાં,
પાપ ઘણા તેમ મેહેર ઘણી મળનાર જો; ૨૨૪

અવિનાશી મુજ આશનો નાશ કરીશમાં,
હિસાબ વેળા દયા કર સોબત દાર જો; ૨૨૫

બેઉ ભવમાં દયા દ્રષ્ટી દાખજો,
ગુમ સુમ થાકી બેઠો છું લાચાર જો; ૨૨૬

હોશ પડેથી હોશ ને બુધ્ધી જાય છે,
તેની હાલત દાસ તણી વિચાર જો; ૨૨૭

કાયમ દાયમ તુજ કૃપાના વાદળાં,
અલીને સરવડીએ બાંધે ધાર જો; ૨૨૮

નબી શરી પર ઝુમી ઝામીને સદા,
કરે વૃષ્ટી નિત્યે મુસલ ધાર જો; ૨૨૯

અબુબકરને ઉમર થકી રાજી રહો,
ઉસમાન અલી પર રેહમ મેહેર વધાર જો, ૨૩૦

પુત્ર મિત્ર પવિત્ર તે [illegible],
ભુખ્યા રહે સૌ તેમના [illegible] ૨૩૧

સાહેબના સરદારનું [illegible] જો,
હરમની શોભા અધિક [illegible], ૨૩૨

બાન [illegible] ગતિત રાખે [illegible],
ગોવાળ ગાય ઉટોને કરે [illegible] જો, ૨૩૩

કાંકરીઓ ઉપર કચરા [illegible],
કે મળી પરોબા સઘળા હારો હાર જો; ૨૩૪

ખાસ નિઝામી બખ્તર લઇ આવ્યો,
અવિનાશી તે [illegible] અગી [illegible], ૨૩૫

પાપીનો પાપોમાં જન્મારો ગયો,
તુજ વિના મારો કાંઇ નથી આધાર જો, ૨૩૬

મેહેશરના મહા સાગરે નાવ બચાવ જો,
બીહામણો દરીઓ તે અપરંપાર જો; ૨૩૭

સલામ સલાતો નિત્ય તુજ ઉપર હજો,
સૈયદે આલમ શ્રીમંતા સરકાર જો; ૨૩૮

તેસ્સાને બત્રીશને રોઝા માસમા,
ગુરજર શબ્દે બુરદા આબ્યો બહાર જો, ૨૩૯

અલબેલ અમદાવાદ ને શાહપુર શેહેરમાં,
નિત્ય નબીના વરશે પ્રેમ ઉપકાર જો, ૨૪૦

ગાય શિખે ને સાંભળે જે કોઇ હેતથી,
દુઃખ દારદ્ર તેના નાશ થનાર જો, ૨૪૧

ખુસીરી જેમ બાદર લાઇ સારો થયો,
હું પણ માગું તેમજ ઓ દાતાર જો, ૨૪૨

કૃપાનધી તું દયા તણો દરીઓ ખરો,
હું ભીક્ષુક લાચાર અને નાદાર જો; ૨૪૩

મેહર મેહર ઓ મેહર મહેરબાં માગીએ,
મરી મથીને આબ્યો દ્વાર દરબાર જો; ૨૪૪

સમાપ્ત.

જ્યાં મરદને જ્યાં મરદ ગાદી ધણી,
જોરાવર જશવંતોને જરદાર જો,
જમીલ જમાલને જલવો જલ્લે જલાલનો,
શિર પર છાયા કરતા નબી મુખતાર જો;
ખાન જલાલુદીખાં શુરા વીરનું,
રહો સંસારમાં જ્યાંહ સુધી સંસાર જો,
યશ, કિર્તી ને રશા પણ જામો ઘણું,
રણજીતો તારી તેજસવી તલવાર જો;
સગાં સંબંધી શોભતી ને પ્રજા સહુ
સુખી આનંદી સઘળા તાબેદાર જો;
ખુદાની આપે છે નિઝામી મુબારકી,
દિન દિન વધો અલ્લાહ નબીના પ્યાર જો;
ચંદ્ર ને સૂર્ય તપે આકાશમાં ત્યાં સુધી,
રહો સલામત રાધનપુર દરબાર જો;